ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ 10682
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.5/10/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

(12)

**ક્રમાંક: જીસીઇઆરટી/ICT/DIKSHA/2026/** 23412-481
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર-12, ગાંધીનગર.
Phone: (079)23256808
Email: director-gcert@gujarat.gov.in
તારીખ : 24 SEP 2026

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય – ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને DIKSHA પ્લેટફોર્મ પર **Yuva AI for All** ઓનલાઇન કોર્સ કરવા બાબત.

સંદર્ભ – (1) Department Of Science and Technology Letter: ICT/0214/08/2026, 31/08/2026
(2) માન. નિયામકશ્રી, જીસીઇઆરટીની પ્રાપ્ત મંજૂરી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભદર્શિત પત્ર (1) અનુસાર રાષ્ટ્રીય કક્ષાએથી **'Yuva AI for All' ઓનલાઇન કોર્સ** એ વિદ્યાર્થી અને શિક્ષકના વ્યક્તિગત વિકાસ અને રાષ્ટ્રીય પ્રગતિ માટે AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) નો ઉપયોગ કરવાનું કૌશલ્ય પૂરું પાડવા શરૂ કરવામાં આવેલ છે. આ કોર્સ છ મુખ્ય મોડ્યુલ્સમાં વહેંચાયેલો છે, જે સંદર્ભ (2)થી DIKSHA પ્લેટફોર્મ પર અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

આથી, આપના જિલ્લામાં આવેલ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમજ તેમના શિક્ષકો સદર Yuva AI for All કોર્સમાં જોડાઇને AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) નો ઉપયોગ કરવાનું કૌશલ્ય હસ્તગત કરે તે માટે આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે. આ કોર્સમાં જોડાવા માટેની વિગત બિડાણમાં આપવામાં આવી છે.

(સહી)
**(ડૉ. અવનીબા મોરી)**
**અધિક નિયામક**
**જીસીઇઆરટી**
**ગાંધીનગર**

8-3 ... 1/10/26

બિડાણ –

- DIKSHA પ્લેટફોર્મ પર જોડાવવાની પ્રક્રિયા

નકલ રવાના – (સવિનય જાણ સારું)

- નિયામકશ્રી, Directorate of ICT & e-Governance, DST, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર

નકલ રવાના (જાણ સારું) –

- પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 4505
1/10/26
કચેરીની સહી........................

**DIKSHA પ્લેટફોર્મ પર કોર્સ કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ**

---

- Yuva AI for All – ઓનલાઇન કોર્સમાં જોડાવા માટે નીચેની લીંક અથવા QR Code scan કરી જોડાઇ શકાશે.

  **Online course link:**

  **https://learning.diksha.gov.in/diksha/course.php?section=3318&id=1667**

- Yuva AI for All કોર્સ DIKSHA પ્લેટફોર્મ પર online Coursesમાં જોવા મળશે. આ કોર્સમાં જોડાવા માટે વેબસાઇટ (https://lms.diksha.gov.in/diksha/login.php) તેમજ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકાશે.
- શિક્ષકોએ મોબાઇલ નંબર અથવા Gmail account નો ઉપયોગ કરી કોર્સમાં જોડાઇ શકશે.
- આ કોર્સ સૌ પ્રથમ શિક્ષકોએ પૂર્ણ કરવો.
- વિદ્યાર્થીઓને કોર્સ કરવા માટેની સૂચના પ્રાપ્ત થયા બાદ વિદ્યાર્થીઓએ જોડાવવાનું રહેશે.